# FIRE SAFETY IN THE HOME

# ઘરમાં આગ સામે સલામતી

FIRE KILLS
YOU CAN PREVENT IT

GUJARATI


DPL 1003

## Did you know...?

- You're twice as likely to die in a fire if you don't have a smoke alarm that works.
- 90 people die each year because the battery in their smoke alarm was flat or missing.
- Over half of home fires are caused by cooking accidents.
- More than five fires a day are started by candles.
- Every three days someone dies from a fire caused by a cigarette.
- Faulty electrics (appliances, wiring and overloaded sockets) cause around 7,000 house fires across the country every year.

## તમને ખબર હતી...?

- જો તમારી પાસે કામ કરતું હોય તેવુ સ્મોક અલાર્મ ન હોય તો આગમાં તમારું મૃત્યુ થવાની શક્યતા બમણી છે.
- સ્મોક અલાર્મમાં બેટરી ચાલતી ન હોય અથવા બેટરી ન હોવાને કારણે દર વર્ષે 90 લોકોનું મૃત્યુ થાય છે.
- ઘરમાં લાગતી અડધા ભાગની આગો રાંધતી વખતે થતા અકસ્માતોને કારણે લાગે છે. દિવસમાં પાંચ કરવા વધુ આગો મીણબત્તીઓને કારણે લાગે છે.
- સીગરેટને કારણે લાગતી આગથી દર ત્રીજે દિવસે કોઇ વ્યકિતનું મૃત્યુ થાય છે.
- બગડી ગયેલ ઇલેક્ટ્રીક્સ (સાધનો, વાયરીંગ અને ઓવરલોડ કરાયેલ સોકેટો)ને કારણે દેશમાં દર વર્ષે લગભગ 7,000 ઘરોમાં આગ લાગે છે.

# PROTECT YOUR HOME WITH SMOKE ALARMS



## સ્મોક અલાર્મથી તમારા ઘરને સલામત બનાવો

The easiest way to protect your home and family from fire is with a smoke alarm.

Get it. Install it. Check it. It could save your life.

તમારા ઘરને અને કુટુંબને આગથી સલામત બનાવવા માટે સૌથી સહેલો માર્ગ સ્મોક અલાર્મ છે.

તે લાવો, તેને બેસાડો. તેને તપાસો. તે તમારી જીંદગી બચાવી શકે છે.

# Choosing your smoke alarm

# તમારા સ્મોક અલાર્મની પસંદગી કરવી

- Fit smoke alarms on every level of your home.
- Smoke alarms are cheap and easy to install.
- They are available from DIY stores, electrical shops and most high street supermarkets.
- There are a variety of different models to choose from. Your local Fire and Rescue Service will be happy to give you advice on which one is best suited for you.
- Look out for one of these symbols, which shows the alarm is approved and safe.

- તમારા ઘરના દરેક લેવલ (માળ) ઉપર સ્મોક અલાર્મ બેસાડો.
- સ્મોક અલાર્મ સસ્તાં હોય છે અને તેને બેસાડવા સહેલા છે.
- તે DIY સ્ટોરોમાંથી, ઇલેક્ટ્રિકલ દુકાનોમાંથી અને મોટા ભાગના હાઇ સ્ટ્રીટ સુપરમાર્કેટોમાંથી મળી શકે છે.
- પસંદ કરવા માટે વિવિધ મોડલો ઉપલબ્ધ છે. તમારા માટે સૌથી અનુકૂળ ક્યું છે તે વિષે તમારી સ્થાનિક ફાયર એન્ડ રેસ્ક્યૂ સર્વિસ ખુશીથી સલાહ આપશે.
- આમાંના કોઇ ચિન્હ માટે નજર રાખતા રહો, કે જે તમને જણાવે છે કે અલાર્મ માન્ય અને સલામત છે.


**Top tip**
**સૌથી સારો સુઝાવ**



**Fit smoke alarms**
**સ્મોક અલાર્મો બેસાડો**

British Standard Kitemark

**£5 તમારી જીંદગી બચાવી શકે છે**



# How to make sure your smoke alarm works

**Test the batteries in your smoke alarm every week. Change them every year. Never remove them.**

- Never disconnect or take the batteries out of your alarm if it goes off by mistake.
- Standard battery operated alarms are the cheapest option, but the batteries need to be replaced every year.
- A lot of people forget to check the batteries, so longer life batteries are better.
- An alarm with ten-year batteries is the best option.
- Mains-powered alarms are powered by your home power supply. Generally they don't need replaceable batteries, but need to be installed by a qualified electrician.
- Alarms that plug into a light socket use a rechargeable battery, which is charged when the light is on.
- You can even have linked alarms installed, so that when one alarm detects a fire they all go off together. This is useful if you live in a large house or over several levels.

Strobe light and vibrating-pad alarms are available for those who are deaf or hard of hearing. Contact the Royal Institute for Deaf People Information Line on **0808 808 0123**

# તમારું સ્મોક અલાર્મ કામ કરે છે તેની ચોક્સાઇ કેવી રીતે કરવી

**તમારા અલાર્મની બેટરીની દર અઠવાડીયે તપાસ કરો. બેટરીને દર વર્ષે બદલો. તેને ક્યારેય કાઢી નહીં લો.**


- જો ભૂલથી અલાર્મ ચાલુ થઇ જાય તો પણ ક્યારેય બેટરીનું જોડાણ જુદુ ન કરો અથવા તેને અલાર્મમાંથી કાઢો નહીં.
- સામાન્ય બેટરીથી ચાલતા અલાર્મો સૌથી સસ્તો વિકલ્પ છે, પરંતુ દર વર્ષે બેટરી નવી મૂકવી પડશે.
- ઘણાં લોકો તેઓની બેટરીની તપાસ કરવાનું ભૂલી જાય છે, આથી લાંબા ગાળા સુધી ચાલતી બેટરીઓ વધુ સારી છે.
- દસ વર્ષની આવરદા ધરાવતી બેટરી ધરાવતું અલાર્મ તે સૌથી સારો વિકલ્પ છે.
- મુખ્ય ઇલેક્ટ્રિસીટી (પાવર)થી ચાલતા અલાર્મો તમારા ઘરના વીજળીના પૂરવઠાથી ચાલે છે. સામાન્યરીતે તેમાં નવી બેટરી મૂકવાની જરૂર નથી હોતી, પરંતુ તેને ક્વોલીફાઇડ (માન્યતા પ્રાપ્ત) ઇલેક્ટ્રિશ્યન મારફત બેસાડવું જરૂરી છે.
- લાઇટ સોકેટમાં પ્લગ કરી શકાય તેવા અલાર્મો ફરીથી ચાર્જ કરી શકાય તેવી બેટરી વાપરે છે, કે જે લાઇટ ચાલુ હોય ત્યારે ચાર્જ થાય છે.
- તમે જોડેલ અલાર્મને પણ બેસાડાવી શકો છો, કે જેથી જો આગ લાગી હોવાનું એક અલાર્મ પકડી પાડે તો તે દરેક એક સાથે જ ચાલુ થઇ જાય. જો તમે મોટા ઘરમાં રહેતા હો અથવા તમારા ઘરમાં ઘણાં માળ હોય તો તે ઉપયોગી થાય છે.

બહેરા અથવા સાંભળવામાં મુશ્કેલી ધરાવતા લોકો માટે સ્ટ્રોબ લાઇટ (ઝબકારા મારતી) અને વાઇબ્રેટીંગ પેડ અલાર્મ પણ મળી શકે છે. રોયલ ઇન્ટીટ્યૂટ ફ્રોર ડેફ પીપલ ઇન્ફર્મેશન લાઇનનો **0808 808 0123** ઉપર સંપર્ક સાધો.

**Top tip**
**સૌથી સારો સુઝાવ**




**Test it**
**તેને તપાસો**




# Fitting your smoke alarm

- Don't put alarms in or near kitchens or bathrooms where smoke or steam can set them off by accident.
- The ideal position is on the ceiling, in the middle of a room, or on the hallway and landing, so you can hear the alarm throughout your home.
- If it is difficult for you to fit your alarm yourself contact your local Fire and Rescue Service for help. They'll be happy to install it for you.



## તમારું સ્મોક અલાર્મ બેસાડવું

- એલાર્મોને રસોડાં અથવા બાથરૂમની નજીક ન બેસાડો કે જ્યાં ધુમાડો અથવા વરાળ તેને આકસ્મિક જ ચાલુ કરે.
- સૌથી અનુકૂળ જગ્યા છત ઉપર, કમરાની મધ્યમાં, અથવા હોલવે અથવા લેન્ડીંગ ઉપર છે, કે જેથી તમને આખા ઘરમાં અલાર્મ સંભળાય.
- જો તમારે માટે તમારું અલાર્મ બેસાડવું મુશ્કેલ હોય, તો મદદ માટે તમારા ફાયર એન્ડ રેસ્ક્યૂ સર્વિસનો સમ્પર્ક સાધો. તમારા માટે અલાર્મ બેસાડવા માટે તેઓ રાજી હશે.





# Looking after your smoke alarm

- Make checking your smoke alarm part of your regular household routine.
- Test it by pressing the button until the alarm sounds. If it doesn't sound, you need to replace the battery.
- If your smoke alarm starts to beep on a regular basis, you need to replace the battery immediately.
- If it is a ten year alarm, you will need to replace the whole alarm every ten years.

## Other equipment you could consider

- Fire blankets are used to put out a fire or wrap a person whose clothes are on fire. They are best kept in the kitchen.
- Fire extinguishers shoot out a jet to help control a fire. They are quick and simple to use, but always read the instructions first.

# તમારા અલાર્મની સંભાળ રાખવી

- તમારા સ્મોક અલાર્મને તપાસવાનું કામ તમારા ઘરના નિત્યક્રમનો એક ભાગ બનાવો.
- અલાર્મ વાગે ત્યાં સુધી બટન દબાવી રાખીને તેને તપાસો. જો તે અવાજ ન કરે, તો તમારે બેટરી બદલવાની જરૂર છે.
- જો તમારું સ્મોક અલાર્મ નિયમિત સમયે બીપ (અવાજ) કરે, તો તમારે તરત જ બેટરી બદલવાની જરૂર છે.
- જો તમારું અલાર્મ દસ વર્ષિય અલાર્મ હોય, તો તમારે દર દસ વર્ષે આખું અલાર્મ બદલવાી જરૂર પડશે.


## તમે અન્ય ક્યા સાધનો ઉપર નજર કરી શકો છો

- આગને ઓલવવા માટે ફાયર બ્લેન્કેટનો ઉપયોગ કરવામાં આવે છે અથવા જે વ્યક્તિના કપડાંને આગ લાગી હોય તેઓને વીંટાળવામાં આવે છે. તેને રસોડામાં મુકવા સૌથી સારા છે.
- ફાયર એક્સ્ટીંગ્વીશરો (આગ ઓલવવાનું સાધન) આગને કાબૂમાં લાવવા માટે એક ધાર બહાર ફેંકે છે. તે ઝડપી હોય છે અને વાપરવામાં સરળ હોય છે, પરંતુ હંમેશા પહેલા સૂચના વાંચો




**Test it**

**તેને તપાસો**



**Change it**

**તેને બદલો**



**Replace it**

**તેને નવું બેસાડો**

# HOW TO PREVENT COMMON FIRES

## IN THE KITCHEN
## ELECTRICS
## CIGARETTES
## CANDLES

**This section will tell you how you can avoid fires in your home, including how to cook safely and take care with electrics, candles and cigarettes.**

## સામાન્ય આગો લાગતાં કેવી રીતે રોકવી રસોડામાં ઇલેક્ટ્રિક્નાં સાધનો સીગરેટો મીણબત્તીઓ

આ વિભાગ તમને જણાવે છે કે તમારા ઘરમાં આગ લાગતી કેવી રીતે રીકી શકો છો, સલામતીપૂર્વક રાંધવું કેવી રીતે અને ઇલેક્ટ્રીક્સ, મીણબત્તી અને સીગરેટો સાથે સંભાળ કેવી રીતે રાખવી તે સામેલ છે.

# In the kitchen

## How to cook safely

**Avoid leaving children in the kitchen alone when cooking on the hob. Keep matches and sauce pan handles out of their reach to keep them safe.**

- Take extra care if you need to leave the kitchen whilst cooking, take pans off the heat or turn them down to avoid risk.
- Make sure saucepan handles don't stick out – so they don't get knocked off the stove.
- Take care if you're wearing loose clothing – they can easily catch fire.
- Keep tea towels and cloths away from the cooker and hob.
- Spark devices are safer than matches or lighters to light gas cookers, because they don't have a naked flame.
- Double check the cooker is off when you've finished cooking


**Top tip**

**સૌથી સારો સુઝાવ**



**Keep out of reach**

**પહોંચથી દૂર રાખો**





## Take care with electrics

- Keep electrics (leads and appliances) away from water.
- Check toasters are clean and placed away from curtains and kitchen rolls.
- Keep the oven, hob and grill clean and in good working order. A build up of fat and grease can ignite a fire.

**Don't put anything metal in the microwave**

## Deep fat frying

- Take care when cooking with hot oil – it sets alight easily.
- Make sure food is dry before putting it in hot oil so it doesn't splash.
- If the oil starts to smoke – it's too hot. Turn off the heat and leave it to cool.
- Use a thermostat controlled electric deep fat fryer. They can't overheat.

## What to do if a pan catches fire

- Don't take any risks. Turn off the heat if it's safe to do so. Never throw water over it.
- Don't tackle the fire yourself.



# રસોડામાં

## સલામતીપૂર્વક ખાવાનું કેવી રીતે બનાવવું

**હોબ ઉપર રાંધતી વખતે બાળકોને રસોડામાં એકલા ન મૂકો. તેઓને સલામત રાખવા માટે માચીસ અને વાસણોના હાથાને તેઓની પહોંચથી દૂર રાખો.**

- જો રાંધતી વખતે તમારે રસોડું છોડવાની જરૂર પડે, તો વાસણને તાપ ઉપરથી ખસેડી લો અથવા જોખમને ટાળવા માટે તાપને ધીરો કરો.
- એની ખાતરી કરો કે વાસણનો હાથો બહાર ન નીકળતો હોય - કે જેથી તમે તેને ભૂલમાં સ્ટોવ ઉપરથી પાડી ન નાંખો.
- જો તમે ઢીલા કપડા પહેર્યા હોય તો કાળજી રાખો - તેને સરળતાથી આગ લાગી શકે છે.
- ટી ટાવલ્સ અને રસોડામાં વાપરતાં હો તેવા કાપડના કટકાઓને કૂકર અને હોબથી દુર રાખો.
- ગેસ કૂકરને ચાલુ કરવા માટે તણખાથી ચાલુ થતા સાધનો માચીસ અથવા લાઇટર કરતાં વધુ સલામત છે, કારણકે તેમાં ખુલ્લી જ્યોત નથી હોતી.
- જ્યારે તમે રાંધવાનું પૂરૂ કરો ત્યારે તમે કૂકર બંધ કર્યું છે તેની ખાતરી કરવા માટે બીજી વખત પણ તપાસ કરો.

## ઇલેક્ટ્રીકો સાથે સંભાળ રાખો

- ઇલેક્ટ્રીક્નાં સાધનો (વાયરો અને સાધનો)ને પાણીથી દૂર રાખો.
- ટોસ્ટર ચોખ્ખા છે અને તેને પડદા અને કીચન રોલ્સથી દૂર રાખવામાં આવેલ છે તે તપાસો.
- ઓવન, હોબ અને ગ્રીલને ચોખ્ખા રાખો અને સારી રીતે કામ કરતા હોય તેવી સ્થિતીમાં રાખો. ચરબી અને ગ્રીસ (ચીકાશ) જમા થવાથી આગ લાગી શકે છે.

**માઇક્રોવેવમાં ધાતૂની કોઇ પણ વસ્તુ ન મુકો.**

- ગરમ તેલથી રાંધતી વખતે કાળજી રાખો - તેને સરળતાથી આગ લાગે છે.
- ખોરાક્ને તેલમાં મુક્તા પહેલાં એની ખાતરી કરો કે તે સુકો છે કે જેથી તેના છાંટા ન ઉડે.
- જો તેલમાંથી ધૂમાડા નીકળવા માંડે - તો તે વધુ પડતું ગરમ છે. તાપને બંધ કરી દો અને તેને ઠંડુ પડવા દો.
- થર્મોસ્ટેટથી કાબૂ રાખી શકાતું હોય તેવુ ડીપ ફેટ ફ્રાયર વાપરો. તે વધુ પડતા ગરમ નથી થતાં.

## જો કોઇ વાસણમાં આગ લાગે તો શું કરવું


- કોઇ પણ જોખમો ન લો. જો સલામત હોય, તો તાપને બંધ કરી દો. ક્યારેય તેની ઉપર પાણી ન રેડો.
- તમારી જાતે આગને ઓલવવાનો પ્રયત્ન ન કરો.

**Top tip**

**સૌથી સારો સુઝાવ**








**Take care with hot oil**

**ગરમ તેલ સાથે કાળજી રાખો**

**બહાર નીકળી જાવ બહાર જ રહો અને 999 ડાયલ કરો**



# Electrics

# ઇલેકિટ્ક્સ

### How to avoid electrical fires


- Always check that you use the right fuse to prevent overheating.
- Make sure an electrical appliance has a British or European safety mark when you buy it.
- Certain appliances, such as washing machines, should have a single plug to themselves, as they are high powered.
- Try and keep to one plug per socket.


### ઇલેક્ટ્રીસીટીને કારણેં લાગતી આગો કેવી રીતે ટાળવી

- ઓવર હીટીંગ (વધુ પડતુ ગરમ) ન થાય તે માટે હંમેશા એની તપાસ કરો કે તમે યોગ્ય ફ્યૂઝનો ઉપયોગ કરો છો.
- એની ખાતરી કરો કે કોઇ ઇલેકિટ્કલ સાધન ખરીદો ત્યારે તેની ઉપર બ્રિટિશ અથવા યુરેપિયન સલામતી માટેનું ચિન્હ હોય.
- કેટલાક સાધનોમાં, જેવાકે વોશીંગ મશીનો, તેઓનું પોતાનું એક જ પ્લગ હોવુ જોઇએ, કારણકે તે વધુ પાવર માંગી લે છે.
- એક સોકેટમાં એક જ પ્લગ વાપરવાનો પ્રયત્ન કરો.

**Top tip**

**સૌથી સારો સુઝાવ**





**Don't overload**


**ચારેય ઓવરલોડ ન કરો**

### Know the limit!

**An extension lead or adaptor will have a limit to how many amps it can take, so be careful not to overload them to reduce the risk of a fire.**

**Appliances use different amounts of power – a television may use a 3amp plug and a vacuum cleaner a 5amp plug for example.**

**5 AMP + 5 AMP + 3 AMP = 13 AMP**



### મર્યાદાને જાણો!

**એક એક્સ્ટેન્શન લીડ અથવા એડપ્ટર કેટલા એમ્પીયર સહન કરી શકે છે તેની એક હદ હોય છે, આથી આગનું જોખમ ઘટાડવા માટે એની કાળજી રાખો કે તમે તેને ઓવરલોડ ન કરો.**

**સાધનો વિવિધ માત્રામાં વિજળી વાપરે છે – ઉદાહરણ તરીકે ટેલિવિઝન કદાચ ૩ એમ્પીયરના પ્લગથી ચાલે જ્યારે વેક્યુમ કિલનર કદાચ ૫ એમ્પિયરના પ્લગથી ચાલે.**

## Keep electrical appliances clean and in good working order to prevent them triggering a fire.

- Keep your eyes peeled for signs of dangerous or loose wiring such as scorch marks, hot plugs and sockets, fuses that blow or circuit-breakers that trip for no obvious reasons, or flickering lights.
- Check and replace any old cables and leads, especially if they are hidden from view – behind furniture or under carpets and mats.
- Unplugging appliances helps reduce the risk of fire.
- Unplug appliances when you're not using them or when you go to bed.

### Using an electric blanket

- Don't leave electric blankets folded as this damages the internal wiring. Store them flat or rolled up instead.
- Unplug blankets before you get into bed, unless it has a thermostat control for safe all-night use.
- Try not to buy second hand blankets and check regularly for wear and tear.

### Portable heaters

- Try to secure heaters up against a wall to stop them falling over.
- Keep them clear from curtains and furniture and never use them for drying clothes.

### Furniture

- Always ensure that your furniture has the fire-resistant permanent label.

## ઇલેક્ટ્રિક્નાં સાધનો સ્વચ્છ અને સારી રીતે ચાલતા હોય તેમ રાખો કે જેથી તેનાથી આગ લાગવાને રોકી શકાય.

- જોખમી અથવા છૂટા વાયરો દેખાય તેને માટે આંખો ખુલ્લી રાખો જેવાકે સ્કોર્ચ માર્ક (બળી ગયું હોય હોય તેવા ડાઘા), ગરમ પ્લગ અને સોકેટો, ફ્યુઝ કે જે ઉડી જતો હોય અથવા કોઇ પણ જાતના દેખીતા કારણ વગર સર્કિટ બ્રેકર ટ્રિપ થઇ જતા હોય, અથવા લાઇટ ઝબકતી હોય.
- કોઇ પણ જૂના કેબલો અને વીજળીના તારને તપાસો અને નવા મૂકો, ખાસ કરીને જો તે તમારી આંખ સામેથી દૂર હોય - ફર્નિચરની પાછળ અથવા કારપેટ અથવા મેટની નીચે
- સાધનોના પ્લગ સોકેટમાંથી કાઢી નાંખવાથી આગનું જોખમ ઓછું થાય છે.
- જ્યારે તમે વાપરતાં ન હો અથવા રાતના સૂવા જાવ ત્યારે સાધનોને સોકેટમાંથી કાઢી નાંખો.

### ઇલેક્ટ્રિક બ્લેન્કેટનો ઉપયોગ કરવો

- ઇલેક્ટ્રિક બ્લેન્કેટને વાળેલા ન રાખો કારણકે તેનાથી તેના અંદરના વાયરને નુકશાન થાય છે. તેને સપાટ અથવા પીંડુ વાળીને રાખો.
- તમે પથારીમાં જાવ તે પહેલાં બ્લેન્કેટનું પ્લગ કાઢી નાંખો, સિવાયકે આખી રાતના સલામત વપરાશ માટે થર્મોસ્ટેટ કન્ટ્રોલ ધરાવતો બ્લેન્કેટ હોય.
- સેકન્ડ હેન્ડ (વાપરેલા) બ્લેન્કેટ ન ખરીદવાનો પ્રયત્ન કરો અને વપરાશ અને નુકશાન (વેર એન્ડ ટેર) માટે નિયમિત તપાસ કરો.

### પોર્ટેબલ હીટરો

- હીટરને પડી જતું રોકવા માટે તેને દીવાલને અડાડીને સલામત ગોઠવો.
- તેને પડદા અને ફર્નિચરથી દૂર રાખો અને ક્યારેય તેનો કપડા સુકવવા માટે ઉપયોગ ન કરો.

### ફર્નિચર

- હંમેશા એની ખાતરી કરો કે ફર્નિચર ઉપર આગ-પ્રતિકારક્તાનું કાયમી લેબલ હોય.



# Cigarettes

# સીગરેટો

**Stub cigarettes out properly and dispose of them carefully. Put them out. Right out!**

**સીગરેટના ઠૂંઠાને બરાબર ઓલવો અને તેનો કાળજીપૂર્વક નિકાલ કરો. તેને ઓલવો. સંપૂર્ણપણે ઓલવો!**

- Never smoke in bed.
- Use a proper ashtray – never a wastepaper basket.
- Make sure your ashtray can't tip over and is made of a material that won't burn.
- Don't leave a lit cigarette, cigar or pipe lying around. They can easily fall over and start a fire.
- Take extra care if you smoke when you're tired, taking prescription drugs, or if you've been drinking. You might fall asleep and set your bed or sofa on fire.
- Keep matches and lighters out of children's reach.
- Consider buying child resistant lighters and match boxes.

- ક્યારેય પથારીમાં ધૂમ્રપાન ન કરો.
- યોગ્ય એશટ્રેનો ઉપયોગ કરો - ક્યારેય કચરાના બાસ્કેટનો ઉપયોગ ન કરો.
- એની ખાતરી કરો કે તમારી એશટ્રે ઉથલી ન પડે અને તે સળગે નહીં તેવી સામગ્રીમાંથી બનેલ હોય.
- ક્યારેય સળગેલ સીગરેટ, સીગાર અથવા પાઇપને ગમે ત્યાં ન મુકો. તે સરળતાથી પડી જઇ શકે છે અને તેનાથી આગ શરૂ થઇ શકે છે.
- જો તમે જ્યારે થાકી ગયા હો, પ્રિસ્ક્રિપ્શન ઉપર લખી આપેલ દવા લેતા હો, અથવા જો તમે દારૂ પી રહ્યા હો ત્યારે ધૂમ્રપાન કરતી વખતે વધુ કાળજી રાખો. તમે કદાચ સૂઇ જાવ અને તમારા ખાટલા અથવા સોફાને આગ લાગે.
- માચીસ અને લાઇટર બાળકોની પહોંચથી દૂર રાખો.
- ચાઇલ્ડ રેસીસ્ટન્ટ લાઇટર અને માચીસના બોક્સ ખરીદવા વિષે વિચાર કરો.

## Top tip
## સૌથી સારો સુઝાવ







**Put them out. Right out!**

**તેને ઓલવી નાખો. સંપૂર્ણ પણે ઓલવો!**

**Matchboxes now carry this warning label**




**હવે માચિસના બોક્સ ઉપર ચેતવણી આપતું આ લેબલ મારેલ હોય છે.**

# Candles

# મીણબત્તીઓ

**Make sure candles are secured in a proper holder and away from materials that may catch fire – like curtains.**

- Put candles out when you leave the room, and make sure they're put out completely at night.
- Use a snuffer or a spoon to put out candles. It's safer than blowing them out when sparks can fly.
- Children shouldn't be left alone with lit candles.

**એની ખાતરી કરો કે મીણબત્તીઓને યોગ્ય હોલ્ડરમાં સલામત મુકેલ છે અને તે આગ લાગી શકે તેવી વસ્તુઓથી દુર છે – જેવાકે પડદા**

- જ્યારે તમે રૂમમાંથી બહાર નીકળો ત્યારે મીણબત્તીઓને ઓલવી નાંખો, અને એની ખાતરી કરો કે રાત્રે તેને સંપૂર્ણ બંધ કરવામાં આવેલ છે.
- મીણબત્તીઓને ઓલવવા માટે એક સ્નફર (મીણબત્તીનો મોગરો) અથવા એક ચમચીનો ઉપયોગ કરો. આમ કરવુ વધુ સલામત છે કારણકે તેને ફુંક મારીને ઓલવવાથી કદાચ તણખા ઉડે.
- સળગેલ મીણબત્તી સાથે બાળકોને ક્યારેય એકલા ન છોડવા જોઇએ.

## Top tip
## સૌથી સારો સુઝાવ



**Be careful with candles**

**મીણબત્તી સાથે કાળજી રાખો.**



# PLAN A SAFE ESCAPE

# સલામત રીતે છટકવાની એક યોજના બનાવો

**Fitting a smoke alarm is the first crucial step to protecting yourself from fire. But what would you do if it went off during the night?**

આગ સામે સલામતી મેળવવાનું પહેલુ આવશ્યક પગલું સ્મોક અલાર્મ બેસાડવાનું છે. પરંતુ જો રાત્રી દરમ્યાન તે ચાલુ થઇ જાય તો તમે શું કરશો?

**This section will help you make a plan ready for an emergency.**


આ વિભાગ તમને કટોકટીમાં તૈયાર રહેવા માટે એક યોજના બનાવવા માટે મદદ કરશે.

# Be prepared by making a plan of escape

# છટકવા માટેની એક યોજના બનાવીને તૈયાર રહો

- Plan an escape route and make sure everyone knows how to escape.
- Make sure exits are kept clear.
- The best route is the normal way in and out of your home.
- Think of a second route in case the first one is blocked.
- Take a few minutes to practice your escape plan.
- Review your plan if the layout of your home changes.

- છટકવા માટેનો એક માર્ગ બનાવો અને એની ખાતરી કરો કે કેવી રીતે છટકવું તે વિષે દરેક વ્યક્તિઓ જાણતી હોય.
- એની ખાતરી કરો કે બહાર નીકળવા માટેના માર્ગો ચોખ્ખા રાખવામાં આવેલ હોય.
- સૌથી સારો માર્ગ તે તમારા ઘરની અંદર આવવા અને બહાર નીકળવા માટેનો સામાન્ય માર્ગ છે.
- જો પહેલો માર્ગ અવરોધાઇ ગયો હોય તો બીજા માર્ગ વિષે વિચાર કરો.
- તમારી છટકવાની યોજનાની પ્રેક્ટિસ કરવા માટે થોડી મિનિટોનો સમય ફાળવો.
- જો તમારા ઘરની રચના બદલાય તો તમારી યોજના ઉપર પણ ફરીથી નજર કરો.




**Keep door and window keys where everyone can find them**

**દરવાજા અને બારીની ચાવીઓ એવી જગ્યાએ રાખો કે જ્યાં દરેક વ્યક્તિ તેને શોધી શકે.**

## Top tip
## સૌથી સારો સુઝાવ





## Plan an escape route

## છટકવાની એક યોજના બનાવો

# What to do if there is a fire

**Don't tackle fires yourself. Leave it to the professionals.**

- Keep calm and act quickly, get everyone out as soon as possible.
- Don't waste time investigating what's happened or rescuing valuables.
- If there's smoke, keep low where the air is clearer.
- Before you open a door check if it's warm. If it is, don't open it – fire is on the other side.
- Call 999 as soon as you're clear of the building. 999 calls are free.

# જો આગ લાગે તો શું કરવું

**આગ જાતે ઓલવવાનો પ્રયત્ન ન કરો. આ કામ વ્યવસાયિક વ્યક્તિઓ ઉપર છોડી દો.**

- શાંત રહો અને ઝડપથી પગલા લો, દરેકને શક્ય હોય તેટલી જલદી બહાર કાઢો.
- શું થયું છે તે જોવા અથવા કિંમતી વસ્તુઓને બચાવવા પાછળ સમય ન બગાડો.
- જો ધુમાડો હોય, તો જમીનની નજીક રહો જ્યાં હવા વધુ ચોખ્ખી હોય છે.
- તમે દરવાજો ખોલો તે પહેલા એ તપાસો કે તે ગરમ છે કે નહીં. જો ગરમ હોય, તો દરવાજો ખોલશો નહીં - દરવાજાની બીજી તરફ આગ છે.
- તમે મકાનમાંથી બહાર નીકળી જાવ કે તરત જ 999 ડાયલ કરો. 999 ઉપર કરવામાં આવતા ફોન મફત છે.

## Top tip
## સૌથી સારો સુઝાવ




**Get out, stay out and call 999**

**બહાર નીકળો, બહાર જ રહો અને 999 ડાયલ કરો**

# What to do if your clothes catch fire

# જો તમારા કપડાંને આગ લાગે તો શું કરવું.

- Don't run around, you'll make the flames worse.
- Lie down and roll around. It makes it harder for the fire to spread.
- Smother the flames with a heavy material, like a coat or blanket.
- Remember, Stop, Drop and Roll!

- દોડાદોડી કરશો નહીં, તેનાથી આગની ઝાળ વધુ બગડશે.
- નીચે સૂવો અને આળોટો. તેનાથી આગ ફેલાવાનું મુશ્કેલ બનશે.
- આગની ઝાળને ભારે કપડાથી દબાવો, જેવાકે કોટ અથવા બ્લેન્કેટ
- યાદ રાખો, થોભો, જમીન પર પડો અને આળોટો!



**STOP!**
**થોભો!**



**DROP!**
**જમીન પર પડો!**



**ROLL!**
**આળોટો!**

# What to do if your escape is blocked

- If you can't get out, get everyone into one room, ideally with a window and a phone.
- Put bedding around the bottom of the door to block out the smoke, then open the window and call "HELP FIRE".
- If you're on the ground or first floor, you may be able to escape through a window.
- Use bedding to cushion your fall and lower yourself down carefully. Don't jump.

**If you can't open the window break the glass in the bottom corner. Make jagged edges safe with a towel or blanket.**

# જો તમારો બહાર નીકળવાનો માર્ગ અવરોધાઇ ગયો હોય તો શું કરવું

- જો તમે બહાર ન નીકળી શકતા હો, તો દરેકને એક રૂમમાં ભેગા કરો, જો શક્ય હોય તો બારી અને ફોન ધરાવતા એક રૂમમાં.
- બારણાંના નીચેના ભાગમાં ચાદરો વગેરે મૂકો કે જેથી ધુમાડો અંદર ન આવે, અને ત્યાર બાદ બારી ખોલો અને બૂમો પાડો ક્ષ્હેલ્પ ફાયર (મદદ કરો, આગ લાગેલ છે)ખ.
- જો તમે ભોંયતળીયાના મજલે અથવા પહેલા મજલે હો, તો તમે કદાચ બારીમાંથી બહાર નીકળી શકશો.
- તમે નીચે પડો ત્યારે તમને વાગે નહીં તે માટે ચાદરો કે રજાઇનો ઉપયોગ કરો અને ત્યાર બાદ કાળજીપૂર્વક તમારી જાતને નીચે ઉતારો. કૂદશો નહીં.

**જો તમે બારી ન ખોલી શકો, તો કાચને નીચેના ખૂણામાંથી તોડી નાંખો. તીક્ષ્ણ ધારોને ટુવાલ અથવા બ્લેન્કેટ મુકીને સલામત બનાવો.**




# How to escape from a high level building

- Avoid using lifts and balconies if there is a fire.
- It is easy to get confused in smoke, so count how many doors you need to go through to reach the stairs.
- Check there is nothing in the corridors or stairways that could catch fire – like boxes or rubbish.
- Make sure doors to stairways are not locked.
- Make sure everyone in the building knows where the fire alarms are.
- You should still get a smoke alarm for your own home, even if there is a warning system in the block.

# ઉંચા માળના મકાનમાંથી કેવી રીતે છટકી નીકળવું

- જો આગ લાગેલ હોય તો લીફ્ટ અને બાલ્કનીઓનો ઉપયોગ કરવાનું ટાળો
- ધૂમાડામાં મુંઝવણમાં પડવું બહુ સહેલું છે, આથી દાદરા સુધી પહોંચવા માટે તમારે કેટલા દરવાજા પસાર કરવા પડે છે તે ગણો.
- એની ખાતરી કરો કે કોરીડોર (પરસાળ) અથવા સ્ટેરવેઝ (દાદરા)માં એવી કોઇ વસ્તુ નથી કે જેને આગ લાગી શકે છે - જેવાકે ખોખા અથવા કચરો
- એની ખાતરી કરો કે દાદરાના બારણાંઓને તાળા નથી મારેલા.
- મકાનમાં દરેક વ્યક્તિ ફાયર અલાર્મ ક્યાં છે તે જાણે છે તેની ખાતરી કરો.
- બ્લોકમાં ચેતવણી આપતી સીસ્ટમ હોય, છતાં પણ તમારા ઘર માટે તમારે સ્મોક અલાર્મ ખરીદવું જોઇએ.





# MAKE A BEDTIME CHECK

## રાત્રે સૂવા જતી વખતે તપાસ કરો



You are more at risk from a fire when asleep. So it's a good idea to check your home before you go to bed.

તમે સૂતા હોય ત્યારે આગ લાગવાનું જોખમ વધુ હોય છે. આથી, તમે સૂવા જાવ તે પહેલાં તમારા ઘરને તપાસવાનો વિચાર સારો છે.

# Check list


# ચેક લીસ્ટ - તપાસ યાદી


- ☐ Close inside doors at night to stop a fire from spreading.
- ☐ Turn off and unplug electrical appliances unless they are designed to be left on – like your freezer.
- ☐ Check your cooker is turned off.
- ☐ Don't leave the washing machine on.
- ☐ Turn heaters off and put up fireguards.
- ☐ Put candles and cigarettes out properly.
- ☐ Make sure exits are kept clear.
- ☐ Keep door and window keys where everyone can find them.

- ☐ આગ પ્રસરે નહી તે માટે અંદરના બધાં બારણાં બંધ કરો.
- ☐ ઇલેક્ટ્રિક્નાં સાધનોને બંધ કરો અને તેનું પ્લગ કાઢી નાંખો, સિવાયકે તે ચાલુ રાખવા માટે બનાવવામાં આવેલ હોય, જેવાકે ફ્રીઝર.
- ☐ તમારું કૂકર બંધ કરવામાં આવેલ છે તે તપાસો.
- ☐ વોશીંગ મશીનને ચાલુ ન રાખો.
- ☐ હીટરો બંધ કરો અને ફાયરગાર્ડો મૂકો.
- ☐ મીણબત્તીઓ અને સીગરેટોને યોગ્ય રીતે ઓલવી નાંખો
- ☐ એની ખાતરી કરો કે બહાર નીકળવાના માર્ગો અવરોધ રહિત હોય
- ☐ દરવાજા અને બારીની ચાવીઓ એવી જગ્યાએ રાખો કે જ્યાંથી દરેક વ્યક્તિ તેને શોધી શકે.

## Top tip
## સૌથી સારો સુઝાવ






**Close inside doors at night**

**રાત્રે અંદરના બારણાંઓ બંધ કરો.**



# SMOKE ALARMS SAVE LIVES

For a free home fire risk check contact your local fire and rescue service. The phone number is also in the telephone book (not 999). Or visit www.direct.gov.uk/firekills

## સ્મોક અલાર્મો જીંદગીઓ બચાવે છે

ઘરમાં લાગતી આગના જોખમની મફત તપાસ કરાવવા માટે તમારી સ્થાનિક ફાયર એન્ડ રેસ્ક્યુ સર્વિસનો સમ્પર્ક સાધો.

ફોન નંબર ટેલિફોન બુકમાં પણ છે (તે 999 નથી). અથવા વેબસાઇટની મુલાકાત લો www.direct.gov.uk/firekills

Published by the Department for Communities and Local Government. ©Crown copyright 2008.
Printed in the UK June 2009 on paper comprising no less than 75% post-consumer waste. Product code FS069GU